# બ્રહ્મપુરાણમાં હરિશ્ચન્દ્રોપાખ્યાન

**ડૉ .અમૃતલાલ વી .દેસાઈ**

વ્યાખ્યાતા,
મહિલા આર્ટ્સ કોલેજ, મોતીપુરા, હિંમતનગર

બ્રહ્માએ કહ્યું, આ પવિત્ર વિશ્વામિત્ર, હરિશ્ચન્દ્ર, શુનઃશેપ, રોહિત, વરુણ, બ્રાહ્મ, આગ્નેય, ઈન્દ્રતીર્થ, ઈશ્વરતીર્થ મેત્ર, વૈષ્ણવ, યામ્ય, આશ્વિન અને શુક વગેરે આ તીર્થોના નામ કેમ પડ્યાં એ પણ મારી પાસેથી સાંભળો. ઈક્ષ્વાકુવંશમાં હરિશ્ચન્દ્ર નામનો એક રાજા હતો. એક વખત એના ઘેર નારદ અને પર્વત નામના બે મુનિઓ આવ્યા. એ બંનેની યોગ્ય અતિથિ-સેવા કરી હરિશ્ચન્દ્રે ઋષિઓને કહ્યું, 'સંસારના લોકો પુત્ર માટે બહુ ચિંતિત રહે છે અને કષ્ટ ઉઠાવે છે. ચાહે તેઓ જ્ઞાની હોય કે અજ્ઞાની, ઉત્તમ મનુષ્ય હોય કે મધ્યમ બધાની આ જ ગતિ છે. પરંતુ પુત્રથી શું થાય છે. આ જ મારો કાયમ માટેનાં સંદેહ બની રહે છે. આપ બંને ઋષિરાજ મને સમજાવીને કહો.'

એ બંને નારદ અને પર્વતે હરિશ્ચન્દ્રને કહ્યું, 'રાજન્ ! આ પ્રશ્નના એક, દશ, સો અને હજાર પ્રકારના જુદાં-જુદાં જવાબ છે છતાં પણ અહીં સંક્ષિપ્તમાં કહેવામાં આવે છે. નપૃશ્રેષ્ઠ ! અપુત્ર માટે સ્વર્ગમાં કોઈ સ્થાન નથી. જનાધિપતિ પુત્ર થયા પછી જે પિતા સ્નાન કરે છે તે દશ અશ્વમેધના અભિષેકનું ફળ મેળવે છે અને ઉત્તમ દેવત્વ પામે છે. અમૃત દ્વારા દેવ અમર થયા છે પરંતુ બ્રાહ્મણ વગેરે માનવો પુત્ર દ્વારા પુત્ર પોતાના પિતા પિતૃઓને (દેવ, પિતૃ, ઋષિ) ઋણોથી છોડાવે છે. પુત્ર વગર મૂલ (વેદાધ્યયન), જળ(સ્નાનતર્પણ), પંચકેશ (દાઢી વગેરે રાખવું) એ તપસ્યાનો શું લાભ ? રાજેન્દ્ર ! સ્વર્ગ અથવા મુક્તિની પ્રાપ્તિ પુત્ર દ્વારા જ થાય છે. એવું કહેવામાં આવ્યું છે. પુત્ર જ ઉત્તમ લોક, ધર્મ, કામ અને અર્થ પણ છે. પુત્ર જ મુક્તિ, પરમજ્યોતિ અને બધા મનુષ્યોનો ઉદ્ધારક છે. રાજેન્દ્ર ! પુત્ર વગર સ્વર્ગ અને મોક્ષ અત્યંત દુર્લભ છે. આ દુનિયામાં ધર્મ, કામ અને અર્થ સિદ્ધિઓ માટે પુત્ર જ એકમાત્ર સાધન છે. મારો મત છે કે પુત્ર વગર દીધેલાં દાન, હવન, કર્મ (યજ્ઞ) માનવજીવન પણ વ્યર્થ છે. આ માટે ત્રણ લોકમાં પુત્ર સમાન કોઈ કામ્ય કર્મ નથી.'

આ વાતો સાંભળી રાજાને અત્યંત આશ્ચર્ય થયું અને ફરીથી કહ્યું, 'મારે પુત્ર કેવી રીતે થશે ? એ આપ બતાવો. હું જે કાંઈ ઉપાયથી ચાહે ક્યાંક જવાથી અથવા કોઈ પૌરુષ મંત્રથી અથવા દાનથી એ પુત્ર અવશ્ય પેદા કરવા માગું છું.'

ક્ષણભર ધ્યાનસ્થ થઈને પુત્રકાંક્ષી હરિશ્ચન્દ્રને એ ઋષિઓએ કહ્યું, 'માનદ તું ગૌતમી પાસ જા. તે જળનો અધિપતિ વરુણ ઉત્તમમાં ઉત્તમ મનોવાંછિત ફળ પ્રદાન કરે છે. કેમ કે મુનિઓને વરુણને સવેદાની કહ્યો છે. તે રોમ રામ તારી આરાધનાથી પ્રસન્ન થઈને અથવા યોગ્ય સમયે તને પુત્ર પ્રદાન કરશે. ' મુનિઓની ઉપર્યુક્ત વાત સાંભળી શ્રેષ્ઠ નૃપતિને તેને અનુકૂળ કાર્ય કર્યું. ગૌતમી તીર પર આસનસ્થ થઈને તેણે વરુણને પ્રસન્ન કર્યા. ત્યારબાદ વરુણે પ્રસન્ન થઈને હરિશ્ચન્દ્રને કહ્યું, 'રાજન્ ત્રણે લોકોને ગુણોથી વિભૂષિત કરવાવાળો પુત્ર આપીશ. તું એ પુત્ર દ્વારા મારો યજ્ઞ કરવાની પ્રતિજ્ઞા કર.' આવી પ્રતિજ્ઞા કરવાથી તને પુત્ર પ્રાપ્ત થશે એ ચોક્કસ છે. 'પુત્રકામી હરિશ્ચન્દ્રે પેદા થયેલ પુત્રથી યજ્ઞ કરીશ ' એવી પ્રતિજ્ઞા વરુણ આગળ કરી. વરદાન પ્રાપ્તિ પછી નૃપતિ હરિશ્ચન્દ્ર ઘેર જઈ વારુણ ચરુ (હવિષ્ય) બનાવ્યો અન પત્નીને ખવડાવ્યો. ફળપ્રાપ્તિ રૂપે રાજાને પુત્ર પ્રાપ્ત થયો.

પુત્ર પ્રાપ્ત થવાથી જળપતિ વાગ્મી વરુણે કહ્યું, 'આજે જ પુત્ર દ્વારા યજ્ઞ કરો. કેમ આગળની વાતોનું સ્મરણ છે ?' હરિશ્ચન્દ્રે પણ આ પ્રકારે વરુણને કહ્યું, 'દાંત નીકળ્યા પછી પશુમેધ્ય(યજ્ઞ યોગ્ય) માનવામાં આવે છે. એટલા માટે દાંત નીકળ્યા પછી જ યજ્ઞ કરીશ.'

રાજાની વાત સાંભળી વરુણ પોતાના સ્થાને પાછા ફર્યા. દાંત નીકળ્યા પછી ફરીથી આવીને વરુણે રાજાને કહ્યું, 'યજ્ઞ કરો.' રાજાએ વરુણને કહ્યું, 'વધારે દાંત વગર પ્રાણી યોગ્ય નથી હોતું' યજ્ઞ પ્રાણીના વધારે દાંત નીકળ્યા પછી ફરીથી આવજો વરુણ ! આ વખતે આપ ચાલ્યા જાઓ. રાજાની વાત સાંભળી વરુણ પાછા ફર્યા. સાત વર્ષોમાં વધારે દાંત નીકળ્યા પછી ફરીથી વરુણે રાજાને કહ્યું કે, 'હવે યજ્ઞ કરો.' રાજાએ વરુણને કહ્યું, 'જ્યારે આ દાંત પડી જાય અને બીજા દાંત આવશે ત્યારબાદ યજ્ઞ કરીશ. આ વખતે આપ જાઓ. ' ફરીથી દાંતોની દર્શાવેલ અવધિ વીત્યા પછી વરુણે રાજાને યજ્ઞ કરવા કહ્યું. આ સાંભળી રાજાએ વરુણને કહ્યું, 'જળ રક્ષક વરુણ ! જ્યારે ક્ષત્રિય યજ્ઞમાં પ્રાણી બનાવવામાં આવે છે ત્યારે ધનુર્વેદ જાણ્યા (ભણ્યા) પછી એ ઉત્તમ પ્રાણી બને છે.'

રાજાની વાતો સાંભળી વરુણ ફરીથી પોતાના સ્થાનકે પાછા ફર્યા જ્યારે રાજપુત્ર રોહિત અસ્ત્ર-શસ્ત્ર વિદ્યામાં પારંગત થયો. શત્રુનાશક અને સર્વવેદો અને શાસ્ત્રોમાં નિપુણ થયો એણે સોળ વર્ષનો થઈ યુવરાજપદનો અધિકાર પ્રાપ્ત કરી લીધો ત્યારે વરુણ પ્રસન્ન ચિત્ત થઈ ગયા. જ્યાં રાજા અને પુત્ર રોહિત હતા ત્યાં ગયા અને કહ્યું, 'આજ આપના પુત્ર દ્વારા યજ્ઞ કરો. ' તે નૃપશ્રેષ્ઠ ઋત્વિજરાજની સામે જ પોતાના જ્યેષ્ઠ પુત્ર રોહિતને કહ્યું, 'પુત્ર ! આવો હું વરુણની પ્રસન્નતા માટે તારાથી યજ્ઞ કરીશ'

આ સાંભળી રોહિતે પિતાનું કહ્યું, 'આ શું ?' પિતાએ પણ પૂર્વઘટનાનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું. પિતા દ્વારા રોહિતે પૂરું રહસ્ય જાણીને વરુણની સામે જ કહ્યં, 'મહારાજ પહેલેથી જ હું ઋત્વિજ અને પુરોહિતની માફક વરુણને યજ્ઞ પ્રાણી બનાવી, લોકસ્વામી વિષ્ણુનો યજ્ઞ તરત જ કરવા માંગુ છું આપ તુરંત આજ્ઞા કરો.'

રોહિતની વાત સાંભળી વરુણે અત્યંત ક્રોધિત થઈને રાજા હરિશ્ચન્દ્રને જળોદર રોગનો રોગી બનાવી દીધો. તે રોહિત દિવ્ય-ધનુષ્ય લઈને રથ ઉપર સવાર થઈને વનમાં ચાલ્યો ગયો. તે રોહિત પણ એ સ્થાન ઉપર જ્યાં જનનાયક હરિશ્ચન્દ્રે ગંગાની બાજુમાં વરુણની આરાધના કરીને પુત્ર મેળવ્યો હતો. ત્યાં રહીને તેણે પાંચ વર્ષ વિતાવી નાખ્યા. છઠ્ઠા વર્ષની શરૂઆતમાં જ સાંભળ્યું કે રાજાને જળોદર રોગ થઈ ગયો છે. તે વિચાર કરવા લાગ્યો. 'પિતાને કષ્ટ આપવાવાળો માર જેવા પુત્રનો જ જન્મ લેવાથી શું થયું ? હવે આ સમયે મારુ શું કર્તવ્ય છે ?' તે સમયે નૃપપુત્રએ ગંતા તટે પવિત્ર ઋષિઓને જોયા. એજ તટ ઉપર વર્તમાનવય નામના ઋષિએ અજીગર્ત નામના ઋષિ શ્રેષ્ઠને જોયા. જે પોતાની પત્ની અને ત્રણ પુત્રોની સાથે હતા પરંતુ આજીવિકાના સાધન વગર હતા. તેમને જોઈને રાજપુત્રએ નમસ્કાર કરીને પૂછયું, 'આપ આટલા દુર્બળ અને આજીવિકા વગરના કોમ છો ? કયા કારણથી આટલા વ્યગ્ર દેખાઓ છો ?'

આ સાંભળી અજીતર્ગે નૃપપુત્રને કહ્યું, 'શરીર રક્ષાનું કોઈ સાધન નથી અને મારા પરિવારમાં ભોજન કરવાવાળા ઘણા વધારે છે. અન્ન વગર અમે લોકો મરી જઈશું. આવી અવસ્થામાં અમે શું કરીએ ?' ત્યારે ઋષિની વાત સાંભળી નૃપપુત્રે ફરીથી ઋષિને કહ્યું, 'હે શ્રેષ્ઠ વકતા, તમારું શું વિચાર છે તે બતાવો. ' અજીગર્તે કહ્યું, 'નૃપશ્રેષઠ ! મારી પાસે સોનુ, ચાંદી, ગાયો, ધાન્ય અને વસ્ત્રો વગેરે કશું નથી. એ સિવાય મારી પાસે આજીવિકા માટે કોઈ સાધન નથી. મારી પાસે પુત્ર, પત્ની અને પાંચમો હું છું નૃપોત્તમ ! અમારામાંથી કોઈને અન્ન આપીને ખરીદવાવાળો કોઈ નથી.'

રોહિતે કહ્યું, 'મહાબુદ્ધિમાન અજીગર્ત ! આપ કોને કેટલામાં વેચવા માંગો છો ? સાચું કહેજો. બીજી વાત કહેશો નહીં. બ્રહ્મા હંમેશા સત્યવકતા હોય છે.' અજીગર્તે કહ્યું, 'આ ત્રણે પુત્રોમાંથી એકને અથવા મને કે આ પત્નીને ખરીદી લઈ જાઓ. જેથી અમારા જીવનની રક્ષા થાય. ' રોહિતે કહ્યું, 'આ પત્નીથી શું થાય ? વૃદ્ધ એવા તમારી પણ આવશ્યકતા નથી. આ પાંચેયમાંથી કોઈ યુવાન પુત્રને જેને તમે ઈચ્છો તેને આપી દો.'

અજીગર્તે કહ્યું, 'રોહિત ! જ્યેષ્ઠ પુત્ર શુનઃપુચ્છને હું નહિ વેચી શકું. માતા તેના સૌથી નાના પુત્રને વેચવા ઈચ્છતી નથી. એટલા માટે આ બંને સિવાય વચલા પુત્ર શુનઃશેપને વેચીશ. એનું મૂલ્ય બોલો.'

રોહિતે કહ્યું, 'એક અધિક ગુણવાન પુરુષની વરુણ યજ્ઞમાં પ્રાણી બનાવવા માટે આવશ્યકતા છે. મહામુનિ ! જો તમે વેચવા માંગતા હોય તો યોગ્ય કિંમત કહો.' 'ભલે એમ થાઓ' એમ કહી અજીગર્તે એક હજાર ગાયો, હજાર સોના મહોરો (સિક્કા) ધાન અને હજાર વસ્ત્રો, પોતાના પુત્રની કિંમત બતાવી અને કહ્યું, 'રાજપુત્ર ! આટલું આપી દો. હું તમને મારો પુત્ર આપી દઉં.'

રોહિતે પણ તેને સ્વીકાર કરી લીધો અને ઋત્વિજને માં માગ્યા વસ્ત્રો અને ધન આપી દીધું. ધન આપીને ઋષિપુત્રને પોતાની સાથે લઈ તે પોતાના પિતા પાસે ગયો. પિતાને મૂલ્ય આપીને ખરીદેલા ઋષિપુત્રની

વાત કરી. રોહતે કહ્યું, 'આપ વરુણનો આ પ્રાણીથી યજ્ઞ કરો અન નિરોગી થઈ જાઓ. ' પુત્રની વાતો સાંભળીને હરિશ્ચન્દ્રએ કહ્યું, 'બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોનું પાલન એ રાજાનું કર્તવ્ય છે. એવી શાસ્ત્રોની આજ્ઞા છે. ઉત્તમબ્રાહ્મણોનું રક્ષણ વિશેષ રૂપમાં થવું જોઈએ. એટલા માટે કે તે બધા જ વર્ણોના ગુરૂ છે. જો બ્રાહ્મણ, વિષ્ણુના માટે પૂજ્ય હોય તો મારા જેવા વ્યક્તિઓ માટે કાંઈ કહેવાનું નથી. જેમના અપમાનથી રાજાઓના કુળ નષ્ટ થાય છે તે દેવપૂજ્યોને પશુ બનાવીને પોતાના શુદ્ધ જીવનની રક્ષ કરવાનું સાહસ મારાથી નહીં થાય. હું બ્રાહ્મણને યજ્ઞ-પશુ બનાવું એ મારા માટે અપમાનજનક જ નહીં પરંતુ મૃત્યુ ઉત્તમ છે. બ્રાહ્મણને કોઈ પ્રકારે પશુ નહિ બનાવું. એટલે પુત્ર ! તું સુખપૂર્વક આ બ્રાહ્મણપુત્રની સાથે જા અને મને રોગી જ રહેવા દે.'

આ જ સમયે ત્યાં આકાશવાણી થઈ 'રાજેન્દ્ર ! તું તારા ઋત્વિજો અને પુરોહિતો સાથે ગૌતમીના તટે જા, સાથે ઋષિપુત્ર અને રાજપુત્ર રોહિતને પણ લઈ લે. તું યજ્ઞ કર શુનઃશેપના વધ વગર પણ તારો યજ્ઞ પૂર્ણ થશે. એટલે મહામતી ત્યાં જા.' આકાશવાણી સાંભળી નૃપોત્તમ હરિશ્ચન્દ્ર તરત જ ઋષિ વિશ્વામિત્ર પુરોહિત વસિષ્ઠ, વામદેવ અને અન્ય મુનિઓ સાથે ગંગા તટ ઉપર ગયો. ત્યાં ગૌતમી ગંગા કિનારા પર જઈને નરમેધ યજ્ઞની દીક્ષા લઈ વેદી, મંડપ, યૂપ અને પશુન વ્યવસ્થા કરવા લાગ્યો. આ જ રીતે બધી સામગ્રી એકત્ર કરી યજ્ઞ શરૂ થયો. શુનઃશેપને પશુ બનાવી મંત્રપાઠપૂર્વક યૂપ સાથ બાંધવામાં આવ્યો. તેને પાણીથી અભિષિત્ત થતો જોઈને વિશ્વામિત્રએ કહ્યું, 'દેવ, ઋષિ, હરિશ્ચન્દ્ર, વિશેષરૂપમાં રોહિત ને હું કહી રહ્યો છું કે બધા આ બ્રાહ્મણ શ્રેષ્ઠ શુનઃશેપને આજ્ઞા આપો. જે દેવતાઓને આ હવિ(શુનઃશેપ) જુદી જુદી આપવામાં આવશે. તે બધા દેવતાઓ પણ વિશેષરૂપમાં આ શુનઃશેપને અનુમતિ આપો. આ યજ્ઞ પશુ વિપ્રવર શુનઃશેપની ચરબી, લોહી, ચામડી, મન્ત્રોચ્ચાર પૂર્વક યજ્ઞમાં હવન કરવામાં આવશે. અર્થાત્ શુનઃશેપ આ બધા જ બ્રાહ્મણો અને દેવતાઓની પૂજા કરે, તે બધા વિપ્રેન્દ્ર (દેવતા) આ જ પૂજ્ય છે. મારી તરફ ધ્યાન આપી આજ બધા જ વિપ્રવર્ય પ્રકટ ગૌતમીના કિનારા પર જાય અને સ્નાન કરી જુદા-જુદા મંત્રો સ્ત્રોતોથી દેવતાઓની સ્તુતિ કરતાં આનંદપૂર્વક શિવઉપાસનામાં લીન થઈ જાય. આ રીતે આજ આપ મુનિઓ બલિને સ્વીકારવાવાળા દેવતા ગણ આ પ્રકારે શુનઃશેપની પ્રાણ રક્ષા કરો.'

મુનિઓએ 'એમ જ થશે.' એમ કહ્યું અને નૃપ શ્રેષ્ઠે પણ સ્વીકાર કર્યો. એ પછી શુનઃશેપ ત્રિભવન પાવની ગંગા પાસે ગયો, ગંગામાં સ્નાન કરી જેટલાં ત્યાં હવિષ્ય ગ્રહણ કરવાવાળા દેવતા હતા તેમને સ્તુતિ દ્વારા પ્રસન્ન કર્યા. તે બધા દેવતા શુનઃશેપ ઉપર પ્રસન્ન થયા. બધા દેવતાઓએ વિશ્વામિત્રની સામે જ કહ્યું, 'આ યજ્ઞ શુનઃશેપના વધ વગર પૂર્ણ થશે.'

વરુણે વિશેષરૂપમાં નૃપવર્યને યજ્ઞપૂર્તિનો આશીર્વાદ આપ્યો. ત્યારબાદ રાજાનો તે લોકપ્રિય નરમેધ યજ્ઞ સંપન્ન થયો. દેવતાઓની કૃપાથી, મુનિઓના આગ્રહથી અને તીર્થના માહાત્મ્યથી રાજાનો યજ્ઞ આ પ્રકારે

નિર્વિઘ્ને પૂર્ણ થયો. એ સભામાં જે વિશ્વામિત્રે શુનઃશેપનો સત્કાર કર્યો અને દેવોની પાસે જ તેની પૂજા કરાવી પોતાના પુત્ર તરીકે સ્વીકારી લીધો. વિશ્વામિત્રે તેને જ્યેષ્ઠપુત્ર બનાવ્યો. પરમ બુદ્ધિમાન ઋષિ વિશ્વામિત્રના જે પુત્રોએ તેનું જ્યેષ્ઠત્વ સ્વીકાર ન કર્યું તેમને ઋષિએ શાપ આપ્યો. જે પુત્રોએ તેમની જ્યેષ્ઠતા સ્વીકારી તેને મુનિશાર્દુલે વરદાન આપીને આદર સત્કાર કર્યો. આ રીતે નારદ ! મેં આ ઘટના સંભળાવી દીધી. આ બધું જ કાર્ય ગૌતમીના દક્ષિણ કિનારા ઉપર જ્યાં સંપન્ન થયું ત્યાં ઘણા બધા પવિત્ર દેવતાઓના નામથી પ્રસિદ્ધ તીર્થ બની ગયા. મહામતિ નારદ ! એમના નામ હું કરી રહ્યો છું. સાંભળો, 'હરિશ્ચન્દ્ર, શુનઃશેપ, વિશ્વામિત્ર, રોહિત, વગેરે બાવીસ હજાર તીર્થો છે. એ તીર્થોમાં સ્નાન કરી ધન આપવાથી નરમેધયજ્ઞનું ફળ મળે છે. મુનિ શ્રેષ્ઠ ! આ તીર્થની કથા અને મહત્વ જે ભણે અને ભણાવશે અથવા ભક્તિપૂર્વક સાંભળશે તે અપુત્ર રહેવા છતાં પુત્ર મેળવે છે અથવા જો તેની કોઈ અભિલાષા હોય તે પૂરી થાય છે.'

ઐતરેય બ્રાહ્મણમાં આવતી હરિશ્ચન્દ્રોપાખ્યાનની કથાનું વિસ્તારપૂર્વક નિરૂપણ કરવામાં આવ્યું છે. વરુણો યજ્ઞ શુનઃશેપના બલિદાન વગર પૂર્ણ થયાની ઘટના જૈન અને બૌદ્ધ ધર્મની અસર નીચે પશુબલિ કે નરબલિના વિરોધમાં અહિંસાના પ્રવર્તન માટે આ કથાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેથી વિશેષ આ કથામાં કંઈજ પ્રાપ્ત થતું નથી.

પ્રસ્તુત નાટ્ય કૃતિના સંદર્ભોનો હરિશ્ચન્દ્ર અને રોહિત કે વિશ્વામિત્રનો સંબંધ સાંકળવા પૂરતું જ આ કથાનકને મહત્વનું ગણી શકાય. વિશ્વામિત્ર અને શુનઃશેપ વેદકાળમાં પણ ઋષિ તરીકે સ્વીકારાયેલાં છે. તેથી તેમના પૂરતી વેદ મૂલકતા સ્વીકારવામાં કોઈ મુશ્કેલી નથી. હરિશ્ચન્દ્ર બ્રાહ્મણ સાહિત્યનું પ્રદાન છે. તેથી આ ઉપાખ્યાન વરુણ સાથે જોડી ઋત અને સત્યના રક્ષણહાર દેવ વરુણનું મહત્વ પ્રસ્થાપિત કરી રોગની ઉત્પત્તિના મુળમાં ઋત અને સત્યના ઉલ્લેખનને કારણભૂત ગણાવવાનો સ્વાભાવિક પ્રયાસ છે. આમ, બ્રહ્મપુરાણની કથા હરિશ્ચન્દ્રની કથાના સૂત્રને આગળ વધારે છે.

હરિશ્ચન્દ્રોપાખ્યાનમાંથી પુત્રનું મહત્વ યજ્ઞમાં વરુણની કૃપા ઋતના ઉલ્લંઘન બદલ થતા જલોરનો રોગ તેની શાંતિ માટે યજ્ઞ અને યજ્ઞમાં અંગભૂત બલિદાન સાથે પશુ કે માનવબલી સાથે જાગેલા વિરોધને અહીં વાચા આપી તેનું સમાધાન શોધવાનો પ્રયાસ થયો છે.

હરિશ્ચન્દ્રોપાખ્યાનમાં પુત્રપ્રાપ્તિ પછી થયેલા થયેલા યજ્ઞની ઘટના સાથે કોઈ સંબંધ બતાવવામાં આવ્યો નથી. અર્થાત્ બ્રહ્મવૈવર્ત પુરાણની કથાને ઐતરેયબ્રાહ્મણની કથા સાથે વિશેષ સંબંધ છે. આમ, પ્રસ્તુત માધ્યમની કથાનો આંશિક સંબંધ પુરાણ સાથે સ્વીકારવો રહ્યો.